સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

પ્રેમ પટાવે પૂંછ એવા ભાવક જ છે ક્યાં?
રાષ્ટ્રમાં બે'ચાર સિવાય સેવક જ છે ક્યાં?
નાયક જ છે ક્યાં એકાદ-બે સિવાય?!
પક્ષમાં પાંચેક સિવાય લાયક જ છે ક્યાં?
('વિસ્તરણ માટે યોગ્ય' મળતા નથી)

મેળે પ્રવૃત્ત
અધિકારી વર્ગનો -
લીધો ઉધડો!
(નવરા પડે તો ગાંટ વાપરે ને!!)

દુખે છે પેટ
પંચાયત હારથી -
છે ધૂંઆંપૂંઆં...
(ઉસાના ખાર મૂસા પર)

હાઈકુ

ચિંતન

दुर्जनस्य सर्पस्य वरं सर्पो न दुर्जनः ।
सर्पो शशति कालेन दुर्जनस्तु पदेपदे ॥

'દુર્જન વ્યક્તિ અને સર્પ બેમાંથી કોઈ એક સારાંની પસંદગી કરવાની હોય તો - દુષ્ટ-દુર્જન વ્યક્તિની સરખામણીમાં આપને જ શ્રેષ્ઠ કહી શકાય કારણ કે સાપ તો કયારેક - કોઈક દિવસે જ દંશ આપે છે પરંતુ દુર્જન તો પગલે પગલે તેનાં વાણી-વર્તન દ્વારા આપણા હૃદયને જ ડંખ મારે છે.'

જે વ્યક્તિનો સ્વભાવ જ દુષ્ટ અને વાંક દેખો હોય તે કદાપિ - હકારાત્મક પાસાં જોઈ નથી શક્તિ અને કોઈના પણ, કોઈ પણ કાર્યમાં દોષ પ્રથમ દેખાય છે. 'શું થયું છે' એ નથી જોતાં - 'શું નથી થયું.' એ એમની નજરમાં પ્રથમ આવે છે.

આવાં લોકો વાણી-વર્તનથી તેમનાં મિત્રો-સંબંધી-પરિવારના હૃદયને વારંવાર ઠેસ પહોંચાડે છે.

અહીં તેને સર્પ કરતાં પણ વધારે ભયંકર કહેવામાં આવ્યું છે. સર્પ તો વરસના વચલે દિવસે ડંખ મારે - આ તો પગલે પગલે ડંખે છે.

સુવિચાર

- જયારે પુરુષ અને સ્ત્રી તેમની વચ્ચે રહેલા તફાવતનો સ્વીકાર કરે અને આદર કરે ત્યારે પ્રેમને ખરેખર ખીલવાની તક પ્રાપ્ત થાય છે - **જહોન ગ્રે**
- જે આંખ વડે હું ભગવાનને જોઉં છું, તે જ આંખ વડે ભગવાન મને જુએ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સંતોષ ગરીબોને અમીર બનાવે છે... અને અસંતોષ અમીરોને ગરીબ - **બ્રેન્જામીન ફ્રેંકલીન**
- જે જિંદગીને વ્હાલી ગણે છે એનું જીવન પણ સમાપ્ત થવાનું છે, પણ જે બીજાને સહાય કરવામાં જીવતર ખર્ચશે, તે સાચું જીવન જીવશે - **બાઈબલ**
- પરિશ્રમનું તરૂવર ત્યારે જ ફળ આપે છે, જયારે તેમાં શ્રદ્ધાનું જળ સિંચાય છે - **સંત રોબિત**
- સાચી કેળવણી એટલે વ્યક્તિનો સમાજ ઉપયોગી વિકાસ - **ફાધર વાલેસ**
- આજનું ઔષધ : દૂધ અને દીવેલને સરખે ભાગે લઈ નિયમિત શરીરે માલિશ કરવાથી શરીર પર કરચલી દૂર થાય છે **(સંકલન : દીપક વી. આસરા)**

બોધકથા

આપણે ઈશ્વરને કોઈ સંકટ માટે પ્રાર્થના તો કરીએ છીએ પરંતુ મનમાં દ્વિધા હોય છે એટલે જુદા જુદા ભગવાનો, બીજા ધર્મના ભગવાનો, કામણ-ટૂમણ સાથે બીજા પણ સાચા-ખોટા પ્રયત્નો તો કરીએ જ છીએ. પોતાના ઈષ્ટ પર સંપૂર્ણ વિશ્વાસ રાખવો જોઈએ.

સ્વામી રામતીર્થને અંતરાત્માનો આદેશ થયો. વિદેશની ધરતી પર જઈ ત્યાં હિંદુધર્મ-સંસ્કૃતિનો પ્રચાર કર, અને અમેરિકા જવાનું નક્કી કર્યું. એક અજ્ઞાત વ્યક્તિએ સ્ટીમરની અમેરિકાની ટિકીટ હાથમાં મુકી દીધી અને ચાલ્યા ગયો.

અમેરિકાનું બંદર નજીક આવ્યું. લોકો પોતાનો સમાન ઉપાડી હાંફળાં-ફાંફળા થયા. રામતીર્થ નિર્લેપ ભાવે એક નાનો કપડાંનો થેલો બાજુમાં રાખી બેઠા હતા.

એક અંગ્રેજ મહિલાએ તેમને પૂછ્યું તમારો સામાન કયા છે? તમારે ઉતરવું નથી? સ્વામીજી એ પોતાનો થેલો બતાવ્યો. તમે કોની સાથે આવ્યા છો? અહીં તમારું કોણ છે? રામતીર્થે સ્મિત સાથે કહ્યું, તમારી સાથે આવ્યો છું અને અહીં મારા ઈષ્ટદેવ - 'ભગવાન' મારા સંબંધી છે?

સ્ત્રીએ પૂછ્યું તમે અહીં કોને ઓળખો છો? અને કયાં જશો? રામતીર્થે કહ્યું, તમને જ ઓળખું છું અને તમારી સાથે જ જઈશ. મહિલા હસીને સ્વામીજીને થેલો ખભે ભરાવ્યો.

વડાપ્રધાનનું અર્જુન લક્ષ્ય : ઉત્તરપ્રદેશ

દિલ્હીમાં કેજરીવાલ અને બિહારમાં લાલુ-નીતીશની જુગલજોડી સામે ટકી નહીં શકનારા વડાપ્રધાન નરેન્દ્ર મોટીએ ૨૦૧૬નું ટાર્ગેટ પોઈન્ટ ઉત્તરપ્રદેશને બનાવ્યું છે. ઉત્તરપ્રદેશના જ સંસદીય વિસ્તાર અને હિંદુઓની મોક્ષનગરી વારાયણીમાંથી ચૂંટાઈને તેઓ સંસદમાં પહોંચ્યા છે. મોદીએ વારાણસી બેઠક પરથી ચૂંટણી લડવાનો વ્યૂહાત્મક નિર્ણય ન લીધો હોત તો લોકસભામાં આટલી જંગી બહુમતી ભાગ્યે જ મેળવી શક્યા હોત. પરંતુ ૨૦૧૪ અને ૨૦૧૬ દરમિયાન ગંગા-યમુનામાં ઘણાં પાણી વહી ગયાં છે. પરિસ્થિતિ બદલાઈ ચૂકી છે. દાદરી ઘટના પછી સવિશેષ લઘુમતી સમાજનું ભ્રમ નિરસન થઈ ચૂક્યું છે અને બૌદ્ધિક વર્ગ સાગમટે મોદી સામે ખુલ્લંખુલ્લા મેદાનમાં આવી ગયો છે. મોદી એમ કોઈથી ગાંજ્યા જાય એવા નેતા નથી. એમણે આંતરરાષ્ટ્રીય ફલક પર આટલા ટૂંકા સમયગાળામાં જે

તંત્રીસ્થાનેથી....

કરિશ્મા પાથરેલ છે તે વિશ્વના રાજકારણની એક સીમાચિહ્નરુપ, વિકર્મજનક ઘટના છે. એ મુદ્દે તેઓ ખરા અર્થમાં જાદુગર સાબિત થયા છે. પરસ્પર વિરોધી રાજકીય પ્રતિભાઓને અને રાષ્ટ્રો સાથે એમને કુનેહપૂર્વક નવેસરથી સંબંધો બાંધ્યા ભેટ્યા છે અને એમને આંજી શક્યા છે. ચીન, રશિયા, જર્મની, જાપાન, કેનેડા, ઑસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા જ નહીં, સાઉદી અરેબિયા પણ સર કરીને મોદીએ ચક્રવર્તી 'સમ્રાટ' જેવી મજબૂત નેતાગીરી પ્રસ્થાપિત કરી છે. પરંતુ ગુજરાત લેતાં હવેલી ખોવા જેવી પરિસ્થિતિ એમના હોમ સ્ટેટમાં જ પ્રવર્તી રહી છે. ત્યારે એમનો માસ્ટર સ્ટ્રોક કરો હશે? જેમ નાતાલના દિવસે કાબુલથી વળતા નવાઝ શરીફના જન્મદિવસની ઉજવણીમાં વણનોતર્યા પહોંચી જઈ દુનિયાને આશ્ચર્યચકિત કરી દીધી હતી તેમ ઘરઆંગણે બગડી રહેલી બાજી સુધારવા એમની પાસે એક સોનેરી તક છે ઉત્તરપ્રદેશની ચૂંટણી. ઉત્તરપ્રદેશમાં લોકસભાની ચૂંટણીમાં મુલાયમસિંહ, માયાવતી અને કોંગ્રેસનો સફાયો કરી શક્યા હતા, તેવી શક્યતાઓ અત્યારે તો નથી રહી. પરંતુ આ તો મોદી છે. એમની પાસે રામમંદિરનો હુકમનો એક્કો અકબંધ પડ્યો છે. બીજી તરફ વિકાસપુરુષ તરીકેની મૂઠી ઊંચેરી ઈમેજને ધાર કાઢવાનું મંગળાચરણ તો વારાણસીમાં જાપાનીઝ વડાપ્રધાનને ગંગા આરતીમાં સામેલ કરીને કરી જ દીધું હતું. નવા વરસની સોગાત લેખે એમણે નોઈડા-મેરઠ વચ્ચેના એક્સપ્રેસ હાઈવેનું શિલારોપણ કરીને ઉત્તરપ્રદેશની પ્રજાને રાજીની રેડ કરી મૂકી છે. નોઈડાના ટ્રાફિક જામને લીધે દિલ્હીથી મેરઠ વચ્ચેનું માંડ ૬૦ કિ.મી.નું અંતર કાપતાં બે કલાક જેટલો સમય લાગે છે, તે એક્સપ્રેસ હાઈવે બનતાં માત્ર ચાળીસ મિનિટમાં કાપી શકાશે. આગળ ઉપર છેક લખનૌ સુધીના વાહનવ્યવહારને અનુકૂળતા સાંપડશે. મોદીએ ઉત્તરપ્રદેશ સર કરવા માટે બરાબર વર્ષાન્તે જ આ માસ્ટ્રર સ્ટ્રોક લગાવ્યો છે, જેનો અખિલેશ યાદવ કે માયાવડી પાસે કોઈ જવાબ નથી.

જે સુધારો હિન્દુસ્તાને બતાવ્યો છે તેને દુનિયામાં કોઈ જ પહોંચી શકે તેમ નથી

પૂર્વની સંસ્કૃતિ સુધારા વિષે મહાત્મા ગાંધી

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

'હિંદ સ્વરાજ'ની પ્રસ્તાવનામાં ગાંધીજીએ લખ્યું છે : "જયારે મારાથી નથી રહેવાયું ત્યારે જ મેં લખ્યું છે." પણ લખવામાં પણ ગાંધીજી સ્પષ્ટ માનતા કે રહેવાતું મારાથી ભલે ના હોય પણ એને અન્ય લોકોએ માની લેવું કે સ્વીકારી લેવું એ પણ જરુરી નથી. ગાંધી પોતાના શબ્દોમાં કહે છે કે કોઈ પણ વ્યક્તિ કે સમૂહમાં કોઈ ખોટી બાબત (ગાંધી પોતે માનતા હોય) પ્રત્યે સુધારો કરીને આજની ગાંડપણભરી ધમાલમાંથી છુટકારો મેળવશે કે કેમ? એની હું ચિંતા કરતો નથી. પણ આ સુધારો કરવાનું સત્ય મને સમજાયું હોય તો એનો અમલ કરતાં મને આનંદ થવો જોઈએ. લોકોનો મોટો સમૂહ એનો અમલ કરવાનું શરુ કરે ત્યાં સુધી હું રાહ ન જોઈ શકું. ગાંધીજીના ઉપરોક્ત વિચારો 'પૂર્વ અને પશ્ચિમ' એ વિષય પર તેમણે પીસ એન્ડ આર્બિટ્રેશન સોસાયટી લંડનમાં આપેલા વ્યાખ્યાન પછી તરતમાં લખેલા પત્રમાં મિ. પોલોકને જણાવે છે.

ઈસુના નવા વર્ષ પ્રથમ દિવસ, ૧ જાન્યુઆરી ૨૦૧૬ના દિવસે ગાંધીએ પૂર્વ અને 'પશ્ચિમ' વિશે આ વ્યાખ્યાનમાં કરેલી વાતો જોવા જેવી છે. ૧૪ ઑકટોબર ૧૯૪૯ના રોજ મિ. એચ.એસ. પોલોકને લખેલા પત્રમાં તેમણે ઉઠાવેલા મુદ્દાઓ ઉદાહરણ તરીકે જોવા મળે છે. 'પૂર્વ અને પશ્ચિમ' વિષે ગાંધીજી આવા મુદ્દાઓ તારવે છે :

- 'પૂર્વ અને પશ્ચિમ વચ્ચે ઓળંગી નહીં શકાય એવી દિવાલ નથી.'
- પાશ્ચાત્ય કે યુરોપયીન સંસ્કૃતિ જેવી કોઈ ચીજ નથી. પણ એક આધુનિક સંસ્કૃતિ અસ્તિત્વમાં આવી છે, જે પુરેપુરી જડવાદી છે.
- હિંદ ઉપર રાજય બ્રિટીશ લોકો નથી કરતા, પણ રેલવે, તાર, ટેલિફોન અને સંસ્કૃતિના વિજયરુપ મનાતી દરેક શોધ મારફતે એ સંસ્કૃતિ જ કરે છે.
- મુંબઈ, કલકત્તા અને હિંદના બીજા મુખ્ય શહેરો આ રોગના ખરેખરા છે.
- જો આવતીકાલે બ્રિટીશ રાજની જગ્યાએ આધુનિક પદ્ધતિ ઉપર રચાયેલું હિંદીઓનું રાજય આવે તો તેથી હિંદની સ્થિતિ આજે છે તેના કરતાં સારી નહીં થાય... હિંદીઓ યુરોપ અથવા અમેરિકાની બીજી કે પાંચમી આવૃત્તિ માત્ર બની જશે.

'પૂર્વ અને પશ્ચિમ' ની સંસ્કૃતિ વચ્ચેના બહુ મોટા ભેદને દર્શાવતા તેઓ કહે છે : "... આ વિષય વિષે હું જયારે વિચાર કરું છું ત્યારે મારું દિલ જાણે બેસી જાય છે. મારે એવી ઘણી વાત કહેવી પડશે જે આપને (યુરોપીયન્સને) અરુચિકર લાગશે, અને મારે કઠોર ભાષા પણ વાપરવી પડશે... મને લાગે છે કે આધુનિક સંસ્કૃતિનું મુખ્ય લક્ષણ એ છે કે એ આત્મા કરતાં શરીરને વધારે પૂજે છે, અને શરીરનું ગૌરવ કરવા માટે સર્વસ્વનો ભોગ આપે છે. પશ્ચિમે શોધેલા તકનીકી ઉપકરણો ટેલિફોન, ટેલિગ્રાફ કે રેલ્વે યુરોપીયનના નૈતિક ઉત્થાનમાં મદદરુપ થાય છે? એવો સવાલ તેઓ કરે છે."
(અક્ષરદેહ ભાગ-૧)

ગાંધીજીએ ભારતની સંસ્કૃતિનો ઉલ્લેખ કરતાં નોંધ્યું છે કે 'ભારતના લોકો યંત્રો શોધવાને શક્તિમાન હતા. પરંતુ તેમ કરવાનું તેમને હિતાવહ ન લાગ્યું. આપણને કોઈ સંચા વગેરે શોધતાં ન આવડે તેમ ન હતું પણ આપણા પૂર્વજોએ જોયું કે સંચા વગેરેની જંજાળમાં માણસો પડશે તો પછી ગુલામ જ બનશે ને પોતાની નીતિ તજશે.'

'હિંદ સ્વરાજ'માં ભારતીય સંસ્કૃતિ વિષે ગાંધીજી લખે છે 'હું માનું છું કે જે સુધારો હિંદુસ્તાને બતાવ્યો છે તેને દુનિયામાં કોઈ જ પહોંચી શકે તેમ નથી. જે બીજ આપણાં વડવાઓએ રોપ્યા છે. તેની બરોબરી કરી શકે તેવું કંઈ જોવામાં આવ્યું નથી. રોમ ધૂળધાણી થઈ ગયું. ગ્રીસનું નામ જ રહ્યું, પણ પડ્યું આખડ્યું તો પણ હિંદુસ્તાન હજુ તો તળીયે મજબૂત છે.'

(લેખક : ગુજરાત કોલેજ, અમદાવાદમાં સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

શાળા કોલેજોમાં ભણાવતાં શિક્ષકોને નવી શિક્ષણનીતિના ઘડતરમાં સામેલ કરવા જોઈએ

"આટલો બધો દફતરનો બોજ?
કમ્પ્યૂટર મોબાઈલને ટીવીના ચસ્કામાં
ભૂલે છે રમતોએ કેટલી?
હોમવર્કને પ્રોજેકટને વિકલી એસેસમેન્ટ
યાદી સમજાય નહિ એટલી
પોતાની ફરિયાદને પોતાના આંસુ લઈ
કયાં જશે બચ્ચાની ફોજ?
આટલો બધો દફતરનો બોજ?"

(આશા પુરોહિત)

વર્ષો પહેલાં અગ્રિમ હરોળના મનોવૈજ્ઞાનિક પાવલોએ એક પ્રયોગ કરેલો. કૂતરાને ખોરાક આપે ત્યારે ઘંટડી પણ વગાડે. રોજનો આજ ક્રમ. ઘંટડી વગાડે ખોરાક આપે ને કૂતરો લાળ ટપકાવે. થોડા દિવસ પછી ક્રમ બદલ્યો. માત્ર ઘંટડી વગાડે ને ખોરાક ન આપે. તો પણ કૂતરો લાળ ટપકાવતો. ઘંટડીના અવાજ સાથે કૂતરાની લાળ ટપકવાનું અનુસંધાન જોડાઈ ગયું. હવે કૂતરો ઘંટડીના અવાજ માત્રથી લાળ ટપકાવતો થઈ ગયો. આ થઈ મનોવિજ્ઞાનના પ્રયોગની વાત.

બાળકને શાળાએ લાવવા-લઈ જવા માટે વાલીઓ રીક્ષા કે વાન બાંધી દેતા હોય છે. જે બાળકને સ્કૂલે લઈ જાય અને ઘરે પરત મૂકી જાય. બાલમંદિરમાં જવા માટે બાળક રડે છે. પહેલા પોતાને લેવા આવતી રીક્ષાના અવાજથી ડરતો ને હવે કોઈપણ રીક્ષાના અવાજથી ડરતો થઈ ગયો છે. બાળકને લાગે છે કે આવો અવાજ કરનારું વાહન મને ન ગમતા સ્થળે (શાળાએ) જબરજસ્તીથી લઈ જાય છે. મા-બાપ પણ આ પ્રક્રિયામાં જોડાય છે. બાળકને બળજબરીપૂર્વક સ્કૂલે ધકેલવાની આ પ્રક્રિયાને આપણે ત્યાં બળાત્કાર કહેવાનો રિવાજ નથી.

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડો. સંતોષ દેવકર

નવી શિક્ષણનીતિ શું લાવશે? શું નવું હશે? કેવા કેવા ફેરફારો થશે? શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ, કેળવણીકારો સૌ રાહ જોઈ રહયાં છે. નવી શિક્ષણનીતિમાં એવા કયા ફેરફારો થશે કે જેથી આપણા વિદ્યાર્થીઓ વિવેકી, સંસ્કારી અને વિનયી બનશે? નવું શું મુકીશું કે જેથી વિદ્યાર્થીઓ કોલેજ પુરી કરે કે તરત એને નોકરી મળી જાય? દરેક મા-બાપ પોતાના પાલ્યને એટલા માટે ભણાવે છે કે એને નોકરી મળે. 'શિક્ષણ આત્માના વિકાસ માટે છે.' 'કેળવણી તો નિજાનંદ માટે'- વગરે બાબતો કથામાં-પુસ્તકોમાં સારી લાગે, નરી વાસ્તવિકતા તો એ છે કે મા-બાપ પેટે પાટા બાંધીને-બાળકોને ભણાવતાં હોય છે. અને વળતરમાં એક સારો સુશિલ, વિવેકી અને પહેલી તારીખે પગાર લાવનારો યુવાન ઈચ્છતા હોય છે.પરંતુ જયારે શિક્ષિત યુવાનને નોકરી મળતી નથી. ત્યારે કહેવાતા શિક્ષણકારો અને નેતાઓ નફફટાઈપૂર્વક હાથ ઊંચા કરી દેતા હોય છે. શિક્ષણ લીધેલો અને નોકરી વગરનો યુવાન ઘરમાં હોય તે મા-બાપ માટે બોજ નથી, પરંતુ સમાજ માટે બોજ છે. પછી તો એના લગ્નથી માંડીને બીજા અનેક સમાજિક પ્રશ્નો ઉભા થતાં હોય છે.

થોડીક વાસ્તવિકતા તરફ નજર કરીએ : બેરોજગારોનો આંકડો જાણવા મળ્યો છે. વર્ષ ૨૦૨૦ સુધીમાં ભારતમાં ૨૧ કરોડ યુવાઓ બેરોજગાર હશે. શું કોઈ પક્ષના નેતાને આ વાતની ચિંતા છે કે દેશની આટલી મોટી યુવા શકિત હતાશા અને દુ:ખમાં જીવે છે. સર્વેક્ષણ જણાવે છે કે ઉત્તર પ્રદેશ જેવા રાજયમાં ગુનેગારોમાં સારી એવી સંખ્યા સ્નાતકોની છે. ગુજરાતના ૬૨ ટકા વિદ્યાર્થીઓ નોકરી મેળવવા યોગ્ય નથી.

નવી શિક્ષણનીતિમાં આ પ્રશ્નોના જવાબો મળી શકશે? નવી શિક્ષણનીતિમાં વાલીના પ્રશ્નોને વાચા મળશે? જો જવાબ 'ના' હોય તો રહેવા દો. જો જવાબ 'હા' હોય તો નવી શિક્ષણનીતિ આવકાર્ય છે.

હાલનું શિક્ષણ મેકેલો પ્રેરિત છે. શિક્ષણપધ્ધતિ બરાબર નથી. વિદ્યાર્થીઓને શિક્ષણ આપી શકે છે. પરંતુ નોકરી મળતી નથી. શિક્ષણ મોંઘુ છે. શિક્ષણ લીધા પછી વિદ્યાર્થી અવિવેકી, ઉધ્ધત અને અમાનવીય વર્તન કરે છે. વડિલોનું માન રાખતો નથી. ઉડાઉ જવાબો આપે છે. વગેરે ફરિયાદો આજના મા-બાપની છે. શું મા-બાપની ફરિયાદ દૂર કરી શકશે નવી શિક્ષણનીતિ?

અલબત્ત, એક વાત એ પણ સાચી છે કે આજની પધ્ધતિમાં કે અભ્યાસક્રમમાં કયાંય એવું લખ્યું નથી કે અપ્રમાણિક બનો, જુઠું બોલો, સત્યનો ત્યાગ કરો, હિંસા આચરો, ઠગાઈ કરો, હકનું ન હોય તો પણ છીનવી લો, અવિશ્વાસનું વાતાવરણ ઊભું કરો. અને છતાં આ બધું જ સમાજમાં જોવા મળે છે. તો જે વાત અભ્યાસક્રમમાં નથી કે આજની શિક્ષણનીતિમાં કે પધ્ધતિમાં નથી તો સમાજમાં આવી કેવી રીતે? એસી ઓફિસમાં બેસીને શિક્ષણનીતિ ઘડનારા આનો જવાબ આપી શકશે?

બાળકને બળજબરીપૂર્વક શાળામાં મોકલવાનો ખેલ બંધ થશે? બાળક હોંશભેર શાળાએ જશે? શિક્ષણનીતિ એ બંધારણ ઘડવા જેટલી મહત્ત્વની બાબત છે. ભારત માટે કેવા નાગરિકો તૈયાર કરવા છે. તે હેતુ સ્પષ્ટ હોવો જોઈએ. જેને જે વિષયમાં રસ હોય તે વિષય છૂટથી ભણી શકે,જેમાં કોઈ પણ પ્રકારની મર્યાદા ના હોય, મફત શિક્ષણની હિમાયત નો હેતુ નથી પણ મધ્યમવર્ગને પોસાય તેવી ફી હોવી જોઈએ. શિક્ષકો તૈયાર કરતી સંસ્થાઓને નવેસરથી ઓપ આપવો જોઈએ. બાલમંદિરો શિક્ષણ નીતિનો પાયો છે. પ્રાથમિક શિક્ષણને મહત્ત્વ અપાવું જોઈએ. (આજે શિક્ષક પાસે ભણાવવાનો સમય જ નથી -એવું કોણ બોલ્યું?)

શાળા કોલેજોમાં ભણાવતાં શિક્ષકોને નવી શિક્ષણનીતિના ઘડતરમાં સામેલ કરવા જોઈએ. નવી નીતિ અંગે પ્રત્યેક પાસેથી મંતવ્યો લેવામાં આવ્યા છે. (પરંતુ અંતે તો 'સાત જણ' કરે ઈ હાસું) સાત જણા કોણ? એ પ્રશ્ન હોશિયાર વાચકો ન પૂછે .

કેળવણીકારોના મતે શિક્ષણના હેતુઓ ગમે તે હોય, ગમે તેટલા હોય, ભલે અનેક પધ્ધતિઓને પ્રયુકિતઓ હોય, પરંતુ વાલીના મતે શિક્ષણનો એક માત્ર હેતુ અને એક જ લીટીનો એજન્ડા એ છે કે મારા સંતાનને શિક્ષણ લીધા પછી નોકરી મળવી જોઈએ.

મિસરી

એક બાળક શાળાના ઓટલે
વર્ગ બહાર બેઠો હતો,
આચાર્ય : કેમ બહાર બેઠો છે?
બાળક : સાહેબ, અંદર તો ભણાવે છે.

નૂતનવર્ષ સર્વેનાં જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને શાંતિની અખૂટ સંપદા રેલાવી, આવતી કાલનાં સોનેરી સમણાં સાકાર કરે તેવી શુભકામના...

નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ...

અંધકારના ઓળા હટાવી, પૂર્ણ ધવલ પ્રકાશ તરફ પ્રયાણ કરવાની પ્રેરણા આપનાર, ઈસુ-ખ્રિસ્તના નવલા વર્ષનાં રમ્ય વધામણાં! નવલાં વર્ષમાં રવિનાં તેજોમય કોમલ કિરણો સર્વે નગરજનોના જીવનપથને ઝળહળતા પ્રકાશથી અજવાળે અને સર્વેના દિલમંદિરમાં ઉમંગ, ઉત્સાહ અને આનંદનો અવિરત તેજપૂંજ પાથરે તથા નવલા પ્રભાતથી શરુ થયેલું નૂતનવર્ષ સર્વેનાં જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને શાંતિની અખૂટ સંપદા રેલાવી, આવતી કાલનાં સોનેરી સમણાં સાકાર કરે અને સર્વેના હૃદયમાં માનવતાની મધમધમતી મહેંક ચોમેર પ્રસરી રહે તેવી હાર્દિક શુભકામનાઓ સાથે નૂતનવર્ષાભિનંદન...

સાહિત્ય વૃત્તસંચય

● ભારતીય સાહિત્યક્ષેત્રનો જ્ઞાનપીઠ એવોર્ડ એટલે ભારતનું નોબલ પ્રાઈઝ : સાહિત્ય ક્ષેત્રનું સર્વોચ્ચ સન્માન! ભારતીય જ્ઞાનપીઠના નિર્દેશક લીલાધરભાઈ મંડલોઈએ આ સર્વોચ્ચ પારિતોષિક ગુજરાતના પનોતા ખેડુપુત્ર રઘુવીર ચૌધરીને તેમના સમગ્ર સાહિત્ય સર્જન બદલ આપવાની જાહેરાત દિલ્હી ખાતે કરી છે, તે સમગ્ર ગુજરાત માટે એક ગૌરવપૂર્ણ ઘટના છે. આ સર્વોચ્ચ સન્માન જીવનના પંચોત્તેરમાં વર્ષે મેળવનાર રઘુવીર ચૌધરીએ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ બજાવી છે અને તેઓ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ફેલોશીપથી વિશેષ સન્માનિત થયેલ છે. તેમણે સાહિત્યમાં નવલકથા, નવલિકા, વાર્તા, નિબંધ, કવિતા, નાટક, વિવેચન, અનુવાદ, ચરિત્રલેખન, સંપાદન - આમ સાહિત્યના સર્વે ક્ષેત્રે સુપેરે ખેડાણ કર્યું છે અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઝળહળતી નામના મેળવી છે. તેઓ નવલકથાકાર તરીકે વિશેષ ઉભરી આવ્યા છે. આ સાહિત્ય ક્ષેત્રનું સર્વોચ્ચ સન્માન મેળવનાર છે. તેઓ ચોથા ગુજરાતી સાહિત્યકાર છે. તેમની પહેલાં (૧) સ્વ. ઉમાશંકર જોષી (૨) સ્વ. પન્નાલાલ પટેલ અને (૩) સ્વ. રાજેન્દ્ર શાહ. આ સન્માન મેળવી ચૂક્યા છે. આ ગૌરવપૂર્ણ સન્માન મેળવી, માં ગુર્જરીની આન, બાન, શાન વધારવનાર ખેડૂ અને સાહિત્યકારના અનોખા સમન્વય સમા માન. રઘુવીર ચૌધરીન ખૂબ ખૂબ હાર્દિક અભિનંદનસહ શુભેચ્છાઓનો રસથાળ સાદર!

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ભારતીય વિદ્યાભવન અમદાવાદ ખાતે આવેલ ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેન્ટર ફોર આર્ટ્સ દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી અને વેસ્ટ ઝોન કલ્ચર સેન્ટર, ઉદયપુરના સંયુક્ત ઉપક્રમે ચાર દિવસીય હિન્દી નાટ્ય મહોત્સવ યોજાઈ ગયો. જેમાં ઈદરીશ માલિકનું 'કંજૂસ' સુનિયા તિવારી નાગપાલ દ્વારા 'અર્થદોષ' કિરણ બોખારીના નિર્દશન હેઠળ 'કિસ્સા પહલે રામકા' વિજયકુમારના અભિનય - દિગ્દર્શનનું નાટક 'ઑફ માઈમ એન્ડ મેન' નાટકો ભજવાયાં હતા. ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશભાઈ ગઢવીએ લોકસાહિત્યની રચનાઓ રજૂ કરી કાર્યક્રમની રંગત વધારી હતી.

● ઓમ કોમ્યુનિકેશન, અમદાવાદ દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિ મંદિર ખાતે તા. ૨૭ નવે. ૨૦૧૫ ના રોજ કવિ રમેશ પારેખના સર્જન વિશેનો કાર્યક્રમ 'સાત રંગના સરનામે' યોજાઈ ગયો; જેમાં રમેશ પારેખની વાર્તાકલા વિષે નિસર્ગ આહીરે, નાટ્યકલા વિશે સતીશ વ્યાસે અને કાવ્યકલા વિશે ડૉ. નીતિન વડગામાએ વકતવ્યો આપ્યાં હતા. આયોજન અને વ્યવસ્થા મનીષ પાઠકે કરી હતી.

● શબ્દ, અર્થ અને માહિતી કે જ્ઞાનનો જેમાં સંચય કરાયો હોય એ 'કોશ.' કવિ નર્મદે 'કોશ'નું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે : 'કોશ વિના રાજ બલહીન, કોશ વિના ભાષા પણ બળહીન' કોશ એ જ્ઞાનપ્રાપ્તિનું સાધન છે. કોશો જેવા કે : (૧) સંસ્કૃત ભાષામાં અમરસિંહનો 'નામલિંગાનુંશાસન' કોશ (૨) શાશ્વત પંડિતનો 'અનેકાર્થસમુચ્ચય' કોશ (૩) હલાયુધનો 'અભિધાનરત્નમાલા કોશ' (૪) યાદવ પ્રકાશનો 'વૈજયન્તી કોશ' (૫) હરિ મોરેશ્વર ચૌધરીનો 'ગુજરાતી દક્ષિણી ભાષાન્તર' કોશ (૬) અદલજી હીરજીનો 'ખલકનો ખજાનો' (૭) રતનજી ફરમાજી શેઠનાનો 'જ્ઞાનચક્ર' કોશ (૮) ભગવદ્ ગોમંડળ (૯) ડૉ. ડ્રમન્ડનો 'ગ્લોસરી' કોશ (૧૦) કવિ હીરાચંદનો 'કોશાવલી' કોશ (૧૧) નર્મદનો 'નર્મકથા' કોશ (૧૨) ડાહ્યાભાઈ દેરાસરીનો 'પૌરાણિક કથાકોશ' (૧૩) વિશ્વનાથ મ. ભટ્ટનો 'પારિભાષિક કોશ' (૧૪) ડૉ. પી.જી. શાહનો અંગ્રેજી-ગુજરાતી વૈજ્ઞાનિક કોશ (૧૫) ગુજરાતી સાહિત્ય પરિષદનો 'આધુનિક સાહિત્યસંત્રા કોશ' (૧૬) મણીશંકર કીકાણીનો કાઠિયાવાડી શબ્દકોશનો કોશ (૧૭) પ્રભુદાસ પંડ્યાનો 'કચ્છી શબ્દાવળી કોશ' (૧૮) જેઠાલાલ ત્રિવેદીનો 'લોકસાહિત્ય કોશ' અને 'સંતસાહિત્ય કોશ' એ આપણી કોશ સમૃદ્ધિ છે. જે ભાષા સાહિત્યને સરળ અને બળવાન બનાવે છે.

● ગાંધીનગર ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા (૧) ગાંધીનગરના મૂર્ધન્ય સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈને વર્ષ ૨૦૧૨ માટે પ્રૌઢ વિભાગમાં નવલકથા 'વ્હાઈટ હાઉસ' માટે પ્રથમ; તેમજ નિબંધ અને પ્રવાહ વિભાગમાં 'દીકરી સંગે દેશાટન' પુસ્તકને પ્રથમ પારિતોષિક (૨) વર્ષ ૨૦૧૨ માટે ધર્માભાઈ શ્રીમાળીને ટૂંકી વાર્તા વિભાગમાં 'ઝાંખરું' માટે તૃતીય (૩) વર્ષ ૨૦૧૩ માટે વરિષ્ઠ સાહિત્યકાર દોલત ભટ્ટને આત્મકથા, રેખાચિત્ર, પત્ર અને જીવનચરિત્ર વિભાગમાં 'સમાજના શ્રેષ્ઠીઓ' પુસ્તક માટે તૃતીય પારિતોષિક જાહેર કરાયાં છે. તે માટે સર્જકોને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભેચ્છાઓ.

દધિ મુક્ત

કોયલના કાળા રંગ તરફ ન જોતાં
તેના કર્ણપ્રિય, મીઠા અને સૂરીલા
સૂરને વખાણીએ ને જીવનમાં અપનાવીએ.

દધિ હાઈકુ

કાપો રે કોઈ! વૃક્ષથી શીખ
આ છળકપટનાં પરકાજે કપાવું
આ મૂળને કાપો ક્રોધવીહિન!

- muljibhaidadhi@gmail.com